GODREJ HOUSING FINANCE

Godrej

## અસ્કયામતના વર્ગીકરણના સિદ્ધાંતો

તારીખ 12 નવેમ્બર, 2021 અને નંબર RBI/2021-2022/125 DOR.STR.REC.68 /21.04.048/2021-22 ધરાવતા RBI પરિપત્રના સંદર્ભમાં આવકનું નિર્ધારણ, અસ્કયામતનું વર્ગીકરણ અને ધીરાણ સંબંધિત જોગવાઈઓના વહેવારિક ધોરણો - સ્પષ્ટતાઓના સિદ્ધાંતો નીચે સમજાવ્યા છે.

નિયત તારીખ - આ એ તારીખ છે કે જ્યારે ધીરાણ લેનારે ધીરાણ આપનારને તેના બાકી લેણાંની ચૂકવણી કરવાની હોય છે. GHFL પાસેથી લેનાર માટે આ તારીખ એ તારીખ છે કે જ્યારે ધીરાણ લેનારની બૅન્કને આદેશ રજૂ કરાય છે અને ધીરાણ કરાર અપાય છે.

મુદતવીતી - જો ધીરાણ લેનાર નિયત તારીખે ચૂકવણી ન કરે તો ખાતું મુદતવીતી ગયા પછી પણ ચૂકવણી ન કરનાર ખાતું કહેવાય છે.

પાછલી બાકી રકમના દિવસો- નો અર્થ થાય છે ખાતામાં રકમ ચડત બાકી છે તે દિવસોની સંખ્યા

SMA– એટલે કે ખાસ નિર્દિષ્ટ ખાતા અને જેટલા દિવસો સુધી આ ખાતાએ ચૂકવણી ન કરી હોય તેના આધારે શોધવામાં આવે છે. SMA હેઠળ ત્રણ વર્ગો છે જે જેટલા દિવસો સુધી આ ખાતાએ ચૂકવણી ન કરી હોય તેની સાથે જોડાયેલા છે. ઉદાહરણ તરીકે, જો ધીરાણની ચૂકવણી કરવાની તારીખ 31 હોય અને જો પ્રથમ ચૂકવણી 31 માર્ચ 2021 ના રોજ ન કરાય તો નીચે મુજબ વર્ગીકરણ કરાશે:

| પાછલી બાકી રકમના દિવસો (DPD) | વર્ગીકરણ | તારીખ સુધી |
|---|---|---|
| 30 દિવસ સુધી | SMA-0 | 31 માર્ચ 2021 |
| 30 દિવસથી વધુ અને 60 દિવસ સુધી | SMA-1 | 30 એપ્રિલ 2021 |
| 60 દિવસથી વધુ અને 90 દિવસ સુધી | SMA-2 | 30 મે 2021 |
| 90 દિવસથી વધુ | NPA | 29 જૂન 2021 |

NPA - નોન-પર્ફોર્મિંગ એસેટ્સ એટલે કે બિન-કાર્યક્ષમ અસ્કયામતો અને મુદતી ધીરાણ ખાતું 90 દિવસના સમયગાળા સુધી મુદતવીતી ગયા પછી પણ ચૂકવણી ન કરી હોય તો તેને NPA ગણવામાં આવે છે. જો કે, અમુક કિસ્સાઓમાં, જેમ કે,છેતરપિંડી, જામીનગીરી અસફળ રહેવી ઇત્યાદિ જેવી કેટલીક ઘટનાઓમાં જે ખાતું નિયમિત ચૂકવણી કરી શકતું તેનું વર્ગીકરણ ખોટ કરતી અસ્કયામત તરીકે કરી શકાય છે. વધુમાં, NPA માં ફેરવાતા ખાતાની માહિતી સિબિલ જેવી ક્રેડિટ માહિતી કમ્પનીઓને અપાય છે.

અસ્કયામતનું અપગ્રેડેશન - એવી ઘટનામાં કે જ્યારે ધીરાણ લેનાર 90 દિવસ સુધી ચુકવણી ન કરે અને ખાતું NPA થઈ જાય અને સંપૂર્ણ મુદતવીતી સંપૂર્ણ રકમ ન ચૂકવાય ત્યાં સુધી તેને પ્રમાણભૂત વર્ગમાં અપગ્રેડ કરી શકાતું નથી. વધુમાં, NPA તરીકે વર્ગીકૃત કરાયેલા ધીરાણ ખાતાઓને માત્ર ત્યારે જ પ્રમાણભૂત તરીકે અપગ્રેડ કરી શકાય છે જ્યારે ધીરાણ લેનાર તેની સંપૂર્ણ બાકી રકમ વ્યાજ અને મુદ્દલ સાથે ચૂકવે.

દિવસ-અંતે કરાતી પ્રક્રિયા – જ્યારે કમ્પની દિવસના અંતે નામા સંબંધિત ચોપડાં લખી  લે અને તેમાં લખવાનું બંધ કરે તે પ્રક્રિયા છે. જો નિયત તારીખે પૈસા ન મળે તો ખાતાનું વર્ગીકરણ મુદત વીત્યે ચૂકવણી ન કરનાર ખાતા તરીકે કરાશે અને દિવસ-અંતે SMA/NPA તરીકે જાહેર કરાશે.

-----****-----